# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-01-2025** **EVENING: 7.50 to 8.00**
**Day: THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, "વર્ષ 2047 સુધી ભારતને વિકસિત દેશ બનાવવામાં પ્રવાસી ભારતીયોની નિર્ણાયક ભૂમિકા."
2) કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું, "સરકારનું લક્ષ્ય દેશને ઊર્જા આયાતકારમાંથી ઊર્જા નિકાસકાર બનાવવાનું છે."
3) પ્રજાસત્તાક દિવસની પરેડ માટે 10 હજાર જેટલા વિશેષ મહેમાનોને આમંત્રિત કરાયા.
4) ડિસેમ્બર મહિનામાં S.I.P. માં કુલ રોકાણ પહેલી વખત 26 હજાર કરોડ રૂપિયાના આંકડાને પાર.
5) ભારતીય ખેલાડી ન્યૂઝિલેન્ડની ASB ક્લાસિક ટૅનિસ ટૂર્નામેન્ટની પુરુષ ડબલ્સની સેમિ-ફાઈનલમાં પહોંચ્યા.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# NEW PM PRAVASI BHARTIYA DIVAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, “વર્ષ 2047 સુધી ભારતને વિકસિત દેશ બનાવવામાં પ્રવાસી ભારતીયોની નિર્ણાયક ભૂમિકા છે.” શ્રી મોદી ઓડિશાના ભુવનેશ્વરમાં 18મા પ્રવાસી ભારતીય દિવસનું ઔપચારિક ઉદ્ઘાટન કર્યા બાદ સભા સંબોધી રહ્યા હતા. પ્રધાનમંત્રીએ વૈશ્વિક વિકાસ અને ભારતની વિકાસ યાત્રામાં પ્રવાસી ભારતીયોની મહત્વની ભૂમિકાની પ્રશંસા કરી હતી.

શ્રી મોદીએ કહ્યું, “ગત દાયકામાં ભારતમાં 25 કરોડથી વધુ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે.”

## (બાઈટઃ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, 25 CRORE BYTE)

શ્રી મોદીએ કહ્યું, ટૂંક સમયમાં જ પ્રવાસી ભારતીય એરક્રાફ્ટ બનાવવામાં મેડ ઇન ઇન્ડિયા કાર્યક્રમમાં યોગદાન આપશે.

## (બાઈટઃ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, AIRCRAFT BYTE)

આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રવાસીતીર્થ દર્શન યોજના અંતર્ગત પ્રવાસી ભારતીયો માટે એક વિશેષ પર્યટક ટ્રેન, પ્રવાસી ભારતીય એક્સપ્રેસની ઉદ્ઘાટન યાત્રાને લીલીઝંડી બતાવી હતી. દિલ્હીના નિઝામુદ્દીન રેલવેમથકથી ઉપડનારી આ ટ્રેન ત્રણ સપ્તાહ સુધી ભારતીય પ્રવાસીઓને દેશભરના વિવિધ ધાર્મિક અને પ્રવાસન સ્થળ પર લઈ જશે.

.........................................

# PM GENOME INDIA PROJECT

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, "સમગ્ર વિશ્વ વિવિધ વૈશ્વિક સમસ્યાઓના સમાધાન માટે ભારત તરફ જોઈ રહ્યું છે." શ્રી મોદીએ આજે સાંજે નવી દિલ્હીમાં જિનોમિક્સ ડેટા કૉન્કલેવ માટે એક વીડિયો સંદેશમાં કહ્યું, "જિનોમ ઇન્ડિયા પ્રોજેક્ટ દેશની જૈવ પ્રૌદ્યોગિકી પ્રકૃતિ-ચિત્રને વ્યાખ્યાયિત કરે છે."**

**શ્રી મોદીએ કહ્યું, "જૈવ અર્થવ્યવસ્થા ટકાઉ વિકાસનો પાયો આપે છે અને ગત 10 વર્ષમાં દેશની જૈવ અર્થવ્યવસ્થામાં નોંધપાત્ર વિકાસ થયો છે." તેમણે ઉમેર્યું, "વર્ષ 2014માં દેશની જૈવ અર્થવ્યવસ્થાનું મૂલ્ય 10 અબજ ડૉલર હતું, જે હવે વધીને 150 અબજ ડૉલર થઈ ગયું છે."**

# MP NITIN GADKARI

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું, "સરકારનું લક્ષ્ય દેશને ઊર્જા આયાતકારમાંથી ઊર્જા નિકાસકાર **બનાવવાનું છે.**" મધ્યપ્રદેશના પીથમપુરમાં ઑટોમોટિવ ટેસ્ટ ટ્રૅકમાં આયોજિત કાર્યક્રમમાં શ્રી ગડકરીએ કહ્યું, "ભારત વૈકલ્પિક ઊર્જા સ્રોતને પ્રોત્સાહન આપી રહ્યું છે."

શ્રી ગડકરીએ હાઈડ્રોજનને ભવિષ્યનું ઈંધણ ગણાવતા કહ્યું, "સરકાર અને કેટલીક ઑટોમોબાઈલ કંપનીઓ આ દિશામાં કામ કરી રહી છે." તેમણે દેશના આર્થિક વિકાસમાં ઑટોમોબાઈલ ઉદ્યોગના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો. શ્રી ગડકરીએ આ ક્ષેત્રમાં અત્યાર સુધી 4 કરોડ 50 લાખથી વધુ રોજગારનું સર્જન કર્યું છે.

## REPUBLIC DAY GUEST

**પ્રજાસત્તાક દિવસની પરેડમાં ઉપસ્થિત રહેવા આ વર્ષે 10 હજાર જેટલા વિશેષ મહેમાનોને આમંત્રિત કરાયા છે. આમાં સરપંચ, આપત્તિ રાહત કાર્યકર્તાઓ સહિતના મહેમાનો સામેલ હશે. આ અંગે સાંભળીએ એક અહેવાલ.**

## (VOICE CAST .. RITA DAVE)

*(આમાં સરપંચ, આપત્તિ રાહત કાર્યકર્તાઓ, સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનારા જળયોદ્ધાઓ, હાથવણાટ અને હસ્તકલા કારીગરો, મન કી બાતના સહયોગીઓ, માય ભારત સ્વયંસેવક, ઉત્તર-પૂર્વ રાજ્યોના મહેમાનો તેમજ સર્વશ્રેષ્ઠ સ્ટાર્ટ-અપ સામેલ છે.*

*સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, આમંત્રિત મહેમાનોમાંથી કેટલાક સ્વયં સહાયતા સમૂહોના માધ્યમથી રોજગારનું સર્જન સુનિશ્ચિત કરવા અનુકરણીય કાર્ય કરી રહ્યા છે. પેરાલિમ્પિક્સ દળના સભ્ય, ચેસ ઑલિમ્પિયાડ ચંદ્રક વિજેતા, બ્રિજ વર્લ્ડ ગેમ્સ રજત ચંદ્રક વિજેતા અને સ્નૂકર વિશ્વ ચેમ્પિયનશિપ સુવર્ણ ચંદ્રક વિજેતાઓને પણ વિશેષ મહેમાન તરીકે આમંત્રિત કરાયા છે. આ મહેમાનો રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક, પ્રધાનમંત્રી સંગ્રહાલય અને દિલ્હીના અન્ય મુખ્ય સ્થળોની મુલાકાત લેશે.)*

## MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# ODISHA PRAVASI BHARTIYA DIVAS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ પોતાનાં ગૃહરાજ્ય ઓડિશાનાં 2 દિવસના પ્રવાસે આજે ભુવનેશ્વર પહોંચ્યાં છે. બીજુ પટનાયક આંતર-રાષ્ટ્રીય હવાઈમથક પર રાષ્ટ્રપતિનું ઓડિશાના રાજ્યપાલ હરિબાબુ કંભમપતિ, મુખ્યમંત્રી મોહન ચરણ માઝી સહિતના મહાનુભાવોએ સ્વાગત કર્યું હતું.

રાષ્ટ્રપતિશ્રી આવતીકાલે 18મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહેશે. ભારત સરકાર અને ઓડિશા સરકાર દ્વારા સંયુક્ત ઉપક્રમે યોજાનારા આ સંમેલનમાં અંદાજે 75 દેશના 6 હજાર જેટલા પ્રવાસી ભારતીય ભાગ લઈ રહ્યા છે. રાષ્ટ્રપતિ વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટતા માટે ભારતીય પ્રવાસીઓના 17 પ્રતિષ્ઠિત સભ્યોને પ્રવાસી ભારતીય સન્માન પુરસ્કાર પણ એનાયત કરશે.

# MHA TB CAMPAIGN

ગૃહ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને અનુરોધ કર્યો છે કે, તેઓ દેશમાંથી ક્ષય રોગને નાબૂદ કરવામાં કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતા અંતર્ગત જેલ અને સુધારાત્મક સંસ્થાઓમાં ક્ષય રોગ નાબૂદી માટે 100 દિવસનું અભિયાન હાથ ધરે.

મંત્રાલયે એક પત્રના માધ્યમથી તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોને તપાસ શિબિર યોજવા અને તમામ જેલમાં ક્ષય રોગ સંબંધિત સૂચના, તાલીમ અને સંદેશાવ્યવહારની વસ્તુઓ પ્રદર્શિત કરવા પણ કહ્યું છે.

## SIP DATA

ડિસેમ્બર મહિનામાં S.I.P. એટલે કે, વ્યવસ્થિત રોકાણ યોજનામાં કુલ રોકાણ પહેલી વખત 26 હજાર કરોડ રૂપિયાના આંકડાને પાર થયો છે. ડિસેમ્બરમાં કુલ માસિક રોકાણની રકમ વધીને 26 હજાર 459 કરોડ રૂપિયા થઈ છે. નવેમ્બરમાં આ રોકાણની રકમ 25 હજાર 320 કરોડ રૂપિયા હતી.

એસોસિએશન ઑફ મ્યૂચ્યૂઅલ ફંડ્સ ઇન ઇન્ડિયા- A.M.F.I. દ્વારા જાહેર કરાયેલા આંકડાઓ મુજબ, આ સમયગાળામાં ઑપન એન્ડેડ અક્વિટી મ્યૂચ્યૂઅલ ફંડમાં સૅક્ટોરલ અને સ્મૉલ-કૅપ યોજનામાં વધુ રોકાણના કારણે કુલ રોકાણ વધીને 41 હજાર 156 કરોડ રૂપિયા થયું છે.

## TENNIS

ભારતના યુકી ભામ્બરી અને ફ્રાન્સના અલ્બાનો ઑલિવેટીની જોડીએ આજે ન્યૂઝિલેન્ડના ઑકલેન્ડમાં ASB ક્લાસિક ટૅનિસ ટૂર્નામેન્ટની પુરુષ ડબલ્સના સેમિ-ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. તેમણે ક્વાર્ટર ફાઈનલમાં લૉઈડ ગ્લાસપૂલ અને જૂલિયન ક્રેશની જોડીને 3–6, 6–4 અને 12–10થી હરાવી હતી. જ્યારે અમેરિકાના રાજીવ રામ અને ક્રિશ્ચિયન હેરિસનની જોડીએ ફ્રાન્સના

સાદિયો ડૉમ્બિયા અને ફેબિયન રેબુલને 7–5, 6–7, 10–5થી હરાવી સેમિ-ફાઈનલમાં પોતાનું સ્થાન બનાવ્યું છે.

## GOYAL ORGANIC FARMING

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું, “જૈવિક ખેતી સારી આવક અને રોજગાર સર્જન કરવામાં મજબૂત માધ્યમ બની છે.” શ્રી ગોયલે આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય જૈવિક ઉપજ કાર્યક્રમની આઠમી આવૃત્તિનું ઉદ્ઘાટન કરતા કહ્યું, “જૈવિક ખેતીથી ખેડૂતોની આવક વધી છે.”

કેન્દ્રીય મંત્રીએ કહ્યું, “હાલમાં જૈવિક વસ્તુઓની નિકાસ છ હજાર કરોડ રૂપિયા છે, જે આગામી ત્રણ વર્ષમાં 20 હજાર કરોડ રૂપિયા થવાની સંભાવના છે.”

(BYTE કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ)